| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૫/૦૪/૨૦૨૨ |
| રજીસ્ટર તારીખ | ૨૫/૦૪/૨૦૨૨ |
| ફેસલ તારીખ | ૧૦/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૪ ૦૨ ૧૫ |

## સાબરકાંઠા જિલ્લાના મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એન.કે. નાચરે સમક્ષ, મુકામ હિંમતનગર.

**પરચુરણ અરજી નંબર –૦૫/૨૦૨૨**

**આંક: ૩૧**

**અરજદાર :–** **મર્હુમ નટુભાઇ ભીખાભાઇ રાવળ ગુજરતાં વારસો**

(૧) ઇશાબેન તે નટુભાઇ ભીખાભાઇ રાવળની વિધવા ઔરત ઉ.આ.વ. ૪૩

(૨) કોમલબેન તે નટુભાઇ ભીખાભાઇ રાવળ તથા સાગરકુમાર પત્ની,ઉ.આ.વ. ૨૪
રહે. રાવલવાસ, બાયડ, તા.બાયડ, જિ. અરવલ્લી.

(૩) સોનલબેન નટુભાઇ રાવળ, ઉ.આ.વ. ૨૩

(૪) સેજલબેન નટુભાઇ રાવળ, ઉ.આ.વ. ૨૧

(૫) વિજયકુમાર નટુભાઇ રાવળ, ઉ.આ.વ. ૨૦

(૬) હીનાબેન નટુભાઇ રાવળ, ઉ.આ.વ. ૧૮

(૭) સગીર શ્રધ્ધાબેન નટુભાઇ રાવળ, ઉ.આ.વ. ૧૬

(૮) શાંતાબેન ભીખાભાઇ રાવળ, ઉ.આ.વ. ૭૨
તમામ રહે. રાવળવાસ, મુ. બડોદરા,
તા. તલોદ, જિ. સાબરકાંઠા.
સગીર અ.નં. ૭ ના કુદરતી વાલી માતા તથા ઇષ્ટમિત્ર તરીકે અરજદાર નં.૧

**વિરૂધ્ધ**

**સામાવાળા :–** **(૧) ટ્રક નં. GJ 09 Z 7518 ના માલિક બાબુલાલ સોનાજી પુરોહિત**
ઉ.આ.વ. ધર્મે. હિન્દુ, ધંધો. ટ્રાન્સપોર્ટ

રહે. પૂજન બંગ્લોઝ, મહાકાલી મંદિર પાસે, હિંમતનગર
તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.

**(૨) ટ્રક નં. GJ 09 Z 7518 ની વીમા કંપની**
**બજાજ એલીયાન્જ જનરલ ઇન્સ્યોરન્સ કંપની લિ.**
દુકાન નં. ૨, બીજો માળ, સુમન ટાવર,
એચડીએફસી સ્ટાન્ડર્ડ લાઇફ ઇન્સ્યોરન્સની સામે
સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦.
પોલીસી નં. 0G14-2214-1803-0000096
પોલીસીનો સમય: તા. ૨૮/૬/૨૦૧૩ થી
તા.૨૭/૬/૨૦૧૪.

| | | |
|---|---|---|
| **હાજર રહ્યા :–** | **અરજદારો તરફે :** | વિ.વ. શ્રી એસ.એસ. પઠાણ |
| | **સામાવાળા નંબર ૧ તરફે :** | કોઇ હાજર નથી. |
| | **સામાવાળા નંબર ૨ તરફે :** | વિ.વ. શ્રી એ.ડી.પટેલ |

.............................................................................

**–: હુકમ :–**

**(૧)** અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર નં. ૧ ના પતિ અને અરજદાર નં. ૨ થી ૭ ના પિતા તથા અરજદાર નં. ૮ ના પુત્ર તે નટુભાઇ ભીખાભાઇ રાવળનું અવસાન નોકરીની ફરજ દરમિયાન ટ્રક નં.GJ 09 Z 7518 પલટી ખાઇ જતાં તારીખ ૪/૬/૨૦૧૪ નારોજ થયેલ છે. સદર વળતર અરજ અરજદારોએ બે વર્ષમાં કરવી જોઇએ.પરંતુ અરજદારો અભણ છે અને કાયદાના અજ્ઞાન છે. અરજદાર નં. ૧ ના પતિ અને અરજદાર નં. ૨ થી ૭ ના પિતા તથા અરજદાર નં. ૮ ના પુત્ર તે નટુભાઇ ભીખાભાઇ રાવળ અકસ્માતમાં મરણ ગયેલ છે તેથી કોઇ વળતર મળશે નહિ. પરંતુ જ્યારે તેઓને ખબર પડેલ કે અરજદાર નં. ૧ ના પતિ અને અરજદાર નં. ૨ થી ૭ ના પિતા તથા અરજદાર નં. ૮ ના પુત્ર તે નટુભાઇ ભીખાભાઇ રાવળ નોકરની ફરજ દરમ્યાન અવસાન થયેલ છે તેથી વળતર મળે. તેથી અરજદારો વકીલશ્રીને મળેલા અને વળતર મળી શકે તેવી વાત થતાં અરજદારોએ આ કામના સામાવાળાઓને નોટીસ અપાવેલી અને નોટિસ આ કામના સામાવાળાઓને મળી જવા છતા નોટિસમાં જણાવ્યાં

પ્રમાણેનું વર્તન કરેલ નથી. તેથી આ અકસ્માત વળતર અરજી કરવામાં વિલંબ થયેલ છે જે વિલંબ માફ કરવા અરજદારોએ નમ્ર અરજ કરેલ છે.

વધુમાં અરજદારો જણાવે છે કે, આ વળતર અરજી દાખલ કરવામાં આવે તો સામાવાળાઓને કોઇ વાંધો તેમ નથી. ઉલટાનું વળતર અરજી દાખલ કરવામાં ન આવે તો અરજદારોને નુકશાન થાય તેમ છે. અરજદારો ગરીબ છે અને કાયદાના અજાણ છે. અરજદારોએ આ કામના સામાવાળાઓને તા. ૦૯/૦૩/૨૦૧૮ નારોજ નોટિસ આપી કાયદેસરની રકમ ચૂકવી આપવા વિનંતી કરેલ. પરંતુ આ કામના સામાવાળાઓએ અરજદારોને આજદિન સુધી કોઈ જ વળતર પેટે રકમ ચુકવી આપેલ નથી અને આ કામના સામાવાળાઓએ અરજદારોને તેમની નોટિસનો કોઇ જવાબ આપેલ નથી કે નોટિસમાં જણાવ્યા મુજબનુ કોઇ વર્તન કરેલ નથી. સામાવાળાઓને વાંધો હોત તો નોટિસનો જવાબ કરીને વાંધો લીધેલ હોત પરંતુ કોઇ વાંધો લીધેલ નથી. અરજદારોની વળતરની અરજી દાખલ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઇ રહેશે. તેથી આ વળતર અરજી દાખલ કરવામાં થયેલ આશરે ૫ વર્ષ ૯ માસ અને ૨૬ દિવસનો વિલંબ માફ કરવા આ અરજી કરવાની ફરજ પડેલ છે.

(૨) ત્યારબાદ હાલનાં કામે સામાવાળાઓને કાઢવામાં આવેલ નોટિસની ધોરણસર બજવણી થઇ જતાં સામાવાળા નંબર ૧ જાતે કે વકીલ મારફતે કે કોઇ પ્રતિનિધિ મારફતે હાજર થયેલા ના હોઇ સામાવાળા નંબર ૧ નો જવાબનો હક્ક બંધ કરવામાં આવેલ છે. તેમજ સામાવાળા નંબર ૨ તરફે આંક–૩૦ થી પોતાનો લેખિત જવાબ રજુ કરેલ છે. જેમા અરજદારની અરજીની હકીકતોનો ઇન્કાર કરેલો છે અને અરજી ચાલવાપાત્ર નથી. કામદાર વળતર ધારા મુજબ અકસ્માત થયેથી ૨ વર્ષની અંદર અરજી દાખલ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ હાલની અરજી અક્સ્માત થયા બાદ ૨ વર્ષ બાદ કરવામાં આવેલ છે અને આ અરજી લીમીટેશન એક્ટની જોગવાઇનો બાધ નડતો હોય અરજી રદ થવા પાત્ર છે.

(૩) આ કામે અરજદાર તરફે કોઇ મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

આ કામે અરજદાર તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**-: દસ્તાવેજી પુરાવા :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદની સર્ટિફાઇડ નકલ | ૪/૧ |
| ૨ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ | ૪/૨ |
| ૩ | ઇન્કવેસ્ટ પંચનામાની સર્ટિફાઇડ નકલ | ૪/૩ |
| ૪ | ટ્રક નં GJ 09 Z 7518 ની સર્ટીફીકેટ કમ પોલીસી ની ઝેરોક્ષ નકલ | ૪/૪ |
| ૫ | સામાવાળા નંબર ૧ અને ૨ ને એડવોકેટશ્રી નોટિસ આપેલ તે નોટિસની ઓફિસ કોપી | ૪/૫ |
| ૬ | પોસ્ટની એકનોલેજમેન્ટ | ૪/૬ |

(૪) આ કામે સામાવાળાઓ તરફે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૫) અરજદાર તરફે રજુ થયેલ અરજી, દસ્તાવેજી પુરાવાઓ તેમજ રેકર્ડ ધ્યાને લેતા, આ કામમાં નીચે મુજબના મુદ્દાઓ ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું વર્કમેન કોમ્પેન્સેશન મુજબ વળતર મેળવવાની અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફની અરજી ગ્રાહ્ય રાખવી જોઇએ કે કેમ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ બાબતે જવાબ નીચે મુજબ છે.

**(૧) હકારમાં**

**(૨) આખરી હુકમ મુજબ**

(૭) ઉપરોક્ત મુદ્દાના નિર્ણય અન્વયે મારા કારણો નીચે મુજબ છે.

(૮) હાલનાં તબક્કે નામદાર ગુજરાત હાઇકોર્ટના મનીબેન પ્રભાતભાઈ ચૌહાણ વિ. જગમોહન રામસ્વરૂપ અગ્રવાલનાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લેવા જરૂરી છે.

Limitation Act, 1963 - S. 5 - Constitution of India - Art. 227 - condonation of delay – petitioners praying for setting aside abatement of suit as well as to permit deposit of Rs.2,500/- towards cost - application rejected - challenged - Trial Court passed order to condone delay of about 4 years and 9 months on a condition to deposit Rs.2,500/- within a period of 7 days on count that petitioners had in support of said application show the sufficient cause for such delay - petitioners failed to deposit such an amount of cost within prescribed period of 7 days - petitioners submitted that otherwise they have a good case on merits and accordingly their legitimate right cannot be snatched away merely because of such a technicality - delay condoned - petition allowed with some exemplary cost.

(૯) હાલનાં કામે રજુ અરજીની હકીકતો તેમજ મૌખિક રજુઆતોને ધ્યાને લીધી તથા નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લીધા. અરજદારોએ અકસ્માતથી વળતર મેળવવા માટેની અરજી કરવા થયેલ વિલંબ માફ કરવા અરજી કરેલ છે. આ અરજી દાખલ કરવામાં આશરે ૫ વર્ષ ૯ માસ અને ૨૬ દિવસ જેટલો વિલંબ હોવાનુ જણાવેલ છે.હાલના તબક્કે અરજદારે વિલંબના કારણોમાં અરજદારો અભણ છે અને કાયદાના અજ્ઞાન છે. અરજદાર નં. ૧ ના પતિ અને અરજદાર નં. ૨ થી ૭ ના પિતા તથા અરજદાર નં.

૮ ના પુત્ર તે નટુભાઇ ભીખાભાઇ રાવળ અકસ્માતમાં મરણ ગયેલ છે તેથી કોઇ વળતર મળશે નહિ. પરંતુ જ્યારે તેઓને ખબર પડેલ કે અરજદાર નં. ૧ ના પતિ અને અરજદાર નં. ૨ થી ૭ ના પિતા તથા અરજદાર નં. ૮ ના પુત્ર તે નટુભાઇ ભીખાભાઇ રાવળ નોકરની ફરજ દરમ્યાન અવસાન થયેલ છે તેથી વળતર મળે. તેથી અરજદારો વકીલશ્રીને મળેલા અને વળતર મળી શકે તેવી વાત થતાં અરજદારોએ આ કામના સામાવાળાઓને નોટીસ અપાવેલી અને નોટિસ આ કામના સામાવાળાઓને મળી જવા છતા નોટિસમાં જણાવ્યાં પ્રમાણેનું વર્તન કરેલ નથી. તેથી આ અકસ્માત વળતર અરજી કરવામાં આશરે ૫ વર્ષ ૯ માસ અને ૨૬ દિવસ જેટલો વિલંબ થયેલ છે. જે હકીકત ધ્યાને લેતા અરજદારે પોતાની અરજીમાં વળતર અરજી દાખલ કરવામાં વિલંબ થયેલાનુ જે કારણ જણાવેલ છે તે યોગ્ય અને પુરતુ કારણ જણાઈ આવે છે. જ્યારે આ કામના સામાવાળાઓને કેસની નોટિસની બજવણી થયેલ હોવા છતા સામાવાળા નંબર ૧ હાજર થયેલા નથી અને સામાવાળાએ વિલંબ માફની અરજી સામે કોઈ વાંધો કે તકરાર લીધેલ નથી. જ્યારે સામાવાળા નંબર ૨ તરફે લેખિત જવાબ રજુ કરેલ છે. પરંતુ તેમા કાયદાની જોગવાઈનો બાધ નડે છે તેવો વાંધો લીધેલો છે. ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા અરજદારને વર્કમેન કોમ્પેન્સેસન મુજબ વળતર મેળવવાની અરજી દાખલ કરવામાં થયેલ વિલંબનો કારણોસર પુરાવો આપવાની તેમજ વળતરની અરજી મેરિટ ઉપર રજુઆત કરવાની તકથી વંચિત રાખવા ન્યાયોચિત જણાતુ ન હોય તેમજ અરજદારની હાલની અરજી મંજુર કરવાથી સામાવાળાને કોઇ પ્રતિકુળ અસર થાય તેમ નથી. જેથી ઉપરોક્ત સંજોગોને ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>-: આખરી હુકમ :-</u>

(૧) અરજદારની હાલની પરચુરણ અરજી **"મંજૂર"** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અરજદાર તરફે વર્કમેન કોમ્પેન્સેસન મુજબ વળતર મેળવવાની અરજી કરવામાં થયેલ દાખલ કરવામાં થયેલ અંદાજે ૫ વર્ષ ૯ માસ અને ૨૬

દિવસ નો વિલંબ માફ કરવામાં આવે છે. તેમજ મુળ વળતરની અરજી સીવીલ કેસ રજિસ્ટરે દાખલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ ૧૦ માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવે છે.

**તારીખ: ૧૦/૦૭/૨૦૨૬**
**સ્થળ: હિંમતનગર.**

**(નિતેશ કિશોરભાઈ નાચરે)**
**પ્રમુખ અધિકારી,**
**મજુર અદાલત, હિંમતનગર.**
**જજ કોડ નં. જીજે૦૧૪૫૧**

D. R. Prajapati